# નવા વર્ષ માટે બોધપાઠ

**- અરુણ જેટલી**

**વિરોધ પક્ષના નેતા (રાજ્ય સભા)**

વર્ષ 2014 ભારતના રાજકારણ અને વહિવટની દૃષ્ટિએ નોંધપાત્ર રીતે અનોખું કેમ રહ્યું? ભારતીય જનતાની અપેક્ષામાં ઘણો વધારો થયો છે. મજબૂત અભિપ્રાય ધરાવતા વર્ગમાં ફક્ત ભારતીય મધ્યમ વર્ગ એકલો જ નથી. ભારતમાં અન્ય વર્ગની જનતાની અપેક્ષાઓ કે જે થોડી અલગ છે, તેમાં પણ વધારો થયો છે. તેઓ ભારતીય રાજકારણ, જાહેર જીવનમાં વ્યક્તિઓ અને વહિવટી ગુણવત્તાનું મૂલ્યાંકન કઠોરપણે કરે છે. તેઓની આકાંક્ષાઓ ન સંતોષાય તો તેઓ સરકાર વિરૂધ્ધ મતદાન પણ કરે એવી શક્યતા છે.

તાજેતરમાં યોજાયેલી ચાર રાજ્ય વિધાનસભા ચૂંટણી પરિણામોએ આ મુદ્દો સાબિત કરી દીધો છે. ખાસ કરીને શ્રી શિવરાજ સિંહ ચૌહાણે મધ્ય પ્રદેશના મુખ્ય પ્રધાનપદે સફળતાપૂર્વક કામગીરી બજાવીને વિશ્વસનીયતા વધારતા ત્રીજી વખત વિજયી બન્યા. અન્ય કોઈપણ પક્ષો કરતા ભાજપની સ્વીકાર્યતાનો દર ઉંચો રહ્યો. જાહેર વિતરણ વ્યવસ્થાની સફળતા ડૉ રમન સિંહની વ્યક્તિગત વિશ્વસનીયતા દ્વારા ભાજપનો વિજય થયો. આ બંને મુખ્ય પ્રધનોએ જનતાની સેવા સારી રીતે કરી હતી. રાજસ્થાન માં કોંગ્રેસ પક્ષની સરકાર પ્રધાનો અને ધારાસભ્યોની ગેરવર્તણૂક આક્ષેપો વચ્ચે ઘેરાયેલી હતી. તે રાજ્યમાં મતદારોના સંદેશ સ્પષ્ટ હતો - સામાજિક અને રાજકીય સંયોજનો સહિત અન્ય પરિબળો મહત્ત્વના હોઈ શકે, જ્યારે સૌથી મહત્ત્વની બાબત વિશ્વસનીયતા રહી.

દિલ્હી માં, કોંગ્રેસ સરકારે તેની વિશ્વસનીયતા ગુમાવી હતી. દિલ્હી છેલ્લા ત્રણ વર્ષમાં ભ્રષ્ટાચાર-વિરોધી ચળવળનું કેન્દ્ર બન્યું હતું. કોંગ્રેસ પક્ષ તે મામલે નિષ્ફળ નિવડ્યો હતો. જેથી કોંગ્રેસને પરાજયની પછડાટ મળવાની પરિસ્થિતિ સ્પષ્ટ દેખાતી હતી. સામાન્ય રીતે, ભાજપને સ્પષ્ટ બહુમતી મળશે એવું જણાતું હતું. જો કે, મતદારોના એક વર્ગે નવા વૈકલ્પિક પ્રયોગના વિચારથી પ્રભાવિત થયા. તે વિચાર એટલે આમ આદમી પક્ષ. તે પક્ષને નોંધપાત્ર સંખ્યામાં મતો આપ્યા હતા. પરંપરાગત રાજકારણની ગુણવત્તા સામે મતદારોનો શાંત વિરોધ હતો. ભાજપ બેઠકોની દૃષ્ટિએ સૌથી મોટા પક્ષ તરીકે ઉભરી આવ્યો, પણ તે દિલ્હી ચૂંટણી પરિણામો ભાજપ માટે પણ આત્મનિરીક્ષણનું એક કારણ છે. વ્યક્તિગત ઉમેદવાર તરીકે તે રાજ્યના નેતાઓ જનતાની અપેક્ષાઓમાં ખરૂં ઉતરવું પડશે. દિલ્હીમાં પક્ષના નેતા તરીકે ડો હર્ષવર્ધનને સોંપવામાં આવેલી જવાબદારી તે દિશામાં યોગ્ય પગલું છે. ભાજપે રાષ્ટ્રીય પક્ષ તરીકે ચૂંટણી ખર્ચ માટે નાના દાન એકત્ર કરવા માટે દસ કરોડ ઘરોમાં સંપર્ક કરવાનો નિર્ણય લીધો છે. જો કે, દિલ્હીમાં પક્ષે પોતાની વિશ્વસનીયતાને મજબૂત કરવા વધુ પ્રયાસો કરવા પડશે.

નવા વર્ષનો રાજકીય સંદેશ "વિશ્વસનીયતા" છે, પણ કોંગ્રેસે હજુયે તેની ભૂલોમાંથી બોધપાઠ લીધો નથી.. ચાર રાજ્યોમાં પરાજયની પછડાટ ખાધા છતાં કોંગ્રેસે દોષિતોને છાવરવાના કૃત્યોથી નવા વર્ષની શરૂ કરી છે. મહારાષ્ટ્ર સરકારે આદર્શ કૌભાંડમાં કેટલાક કોંગ્રેસ નેતાઓ આરોપ મૂકતા તપાસ પંચના અહેવાલના અમલને નકારી દીધા હતા. આવા ઢાકપિછોડા માત્ર જાહેર અભિપ્રાય અને સ્વચ્છ અને વિશ્વસનીય રાજકારણ વચ્ચે જનતાની અપેક્ષાની અવગણના વડે કરવામાં આવી રહ્યું છે. હિમાચલ પ્રદેશના મુખ્ય પ્રધાન શ્રી વીર ભદ્ર સિંહ સામેના ભ્રષ્ટાચારના આક્ષેપ બાબતે પણ એવું જ કરવામાં આવ્યું છે.

કોંગ્રેસ પાક્ષે બેશરમ બની કલંકિત મુખ્ય પ્રધાનને ટેકો આપવાનો નિર્ણય લીધો છે. આ બાબતથી જનઆક્રોશ ભભૂકી શકે છે, કારણ કે તેમાં સિદ્ધાંતોની અવગણના થઈ છે.

જનતા સ્પષ્ટ રીતે વિશ્વસનીય રાજકારણ માંગે છે. જનતાની અપેક્ષાની અવગણના કરવી તેમના અસ્તિત્વ માટે જોખમરૂપ છે.